### છોટાઉદેપુરથી એકતા રથયાત્રાને સાંસદ રામસિંગ રાઠવાએ પ્રસ્થાન કરાવ્યું : પ્રથમ તબક્કામાં જિલ્લાના ગામડાઓમાં એકતાનો સંદેશો ફેલાવાશે

# સ્ટેચ્યુ ઓફ યુનિટી ભાવિ પેઢી માટે પ્રેરણા સ્ત્રોત બની રહેશે

ભાસ્કર ન્યૂઝ | છોટાઉદેપુર

છોટાઉદેપુરના સાંસદ રામસિંહ રાઠવાએ સરદાર વલ્લભભાઇ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીના લોકાપર્ણ પૂર્વે સરદાર પટેલની એકતા અખંડિતતાના સંદેશને ગામે-ગામ જનજન સુધી પહોંચાડવા છોટાઉદેપુર ખાતેથી એકતા રથયાત્રાને લીલી ઝંડી ફરકારવીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ એકતા યાત્રા પ્રથમ તબક્કાના જિલ્લાના વિવિધ ગામડામાં એકતાનો સંદેશ ફેલાવશે.

આ અવસરે સંસદ રામસિંગ રાઠવાએ જણાવ્યું હતું કે, શિરમોર સમાન સરદાર પટેલને એકતા, અખંડિતતાના મહાન શિલ્પી તરીકેની આવનારી પેઢી માટે માર્ગદર્શન બની રહેશે. એટલું જ નહી સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિમાર્ણ કરવામાં આવ્યું છે. જે દેશની ભાવિ પેઢી માટે પ્રેરણાનો અનંત સ્ત્રોત બની રહેશે. ઉપરાંત ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને ભારતના વડાપ્રધાન નરેંદ્રભાઇ મોદીનું સ્ટેચ્યુ ઓફ યુનિટી નિમાર્ણ થકી સ્વપ્ન સાકાર થઇ રહ્યું છે. તેમ જણાવી ઉમેર્યું હતું કે, અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઇ પટેલનું દેશના સ્વાતંત્રય સંગ્રામમાં અને દેશની એકતા-અખંડિતતામાં અમૂલ્ય યોગદાન રહ્યું છે. સાથોસાથ આઝાદી પછી દેશી રજવાડાઓને ભારત દેશ સાથે જોડી એક અંખડ હિન્દુસ્તાનની રચના કરી છે. ત્યારે દેશની એકતા અને અખંડિતતા માટે સૌ નાગરિકોએ જતન કરવા આહવાન કર્યું હતું. આ અવસરે સંખેડાના ધારાસભ્ય અભેસિંહ તડવી, જિલ્લા કલેકટર સુજલ મયાત્રા, જિલ્લા પોલીસ અધિક્ષક એમ.એમ.ભાભોર, નગરપાલિકાના પ્રમુખ નેહાબેન જયસ્વાલ, જિલ્લા ભાજપાના પ્રમુખ મૂકેશભાઇ પટેલ, નિવાસી અધિક કલેકટર કે.એસ.વસાવા એકતા રથયાત્રાના નોડલ અધિકારી અને પ્રાંત અધિકારી ડો.એમ.એમ.પટેલ, જિલ્લા રમત-ગમત અધિકારી લક્ષ્મણસિંહ ચૌહાણ, પદાધિકારીઓ, અધિકારીઓ તેમજ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.



સાંસદ રામસિંગભાઈ એકતા રથયાત્રા ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું. તસવીર- વિવેક રાવલ

## છોટાઉદેપુર વિવિધ ગામોમાં એકતાયાત્રાનું સ્વાગત

તેજગઢ| છોટાઉદેપુર જિલ્લાના અનેકવિધ ગામડાઓમાં અને ગ્રામજનો સુધી એકતા અને અખંડિતતાનો સંદેશો પહોંચાડવા સ્ટેચ્યૂ ઓફ યુનિટીની સ્વિકૃતી સાથે એકતા રથયાત્રા પરિભ્રમણ કરી રહી છે.ત્યારે શનિવારના રોજ છોટાઉદેપુર તાલુકાના પીપલેજ, નાલેજ, ઓલીઆંબા, પાઘરવાંટ, સીમલ ફળિયા, માલધી, બોપા અને રાયસિંગપુરા વગેરે ગામોમાં એકતા રથયાત્રાનું ગ્રામજનોએ પરંપરાગત રીતે સ્વાગત કર્યું હતું.

## બોડેલીના મોરખલા ગામેથી એકતાયાત્રાનો પ્રારંભ

બોડેલી| નર્મદા સરોવર ડેમના સ્વપ્ન દ્રષ્ટા સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી વિરાટ પ્રતિમાનું લોકાર્પણ તા.31મીએ કેવડિયા મુકામે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં થવા જઈ રહ્યું છે. ત્યારે સમગ્ર ગુજરાતમાં તા.20થી એકતા યાત્રાનો શુભારંભ થયો છે.ત્યારે બોડેલી તાલુકાના મોરખલા ગામેથી એકતા રથયાત્રા સ્થળે સાંસદ રામસિંહ રાઠવા અને ધારાસભ્ય અભેસિંહ તડવીની ઉપસ્થિતિમાં રથને પ્રસ્થાન કરાવ્યું હતું.